આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- ચૈતાલી જોશી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૯-૦૩-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

---

## રાજ્યના ગૃહ સચિવ-એ.કે.રાકેશ

આકાશવાણી ભુજ સમાચાર ચૈતાલી જોશી વાંચે છે...

કેન્દ્રીય ચૂંટણીપંચે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાત સહિત છ રાજયોના ગૃહસચિવો અને પશ્ચિમ બંગાળના પોલીસ મહાનિદેશકની બદલી કરી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ગુજરાત, ઉત્તરપ્રદેશ, બિહાર, ઝારખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના ગૃહસચિવોની બદલી કરાઇ છે. ત્યારે કૃષિ, કિસાન કલ્યાણ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ એ.કે.રાકેશને ગુજરાતના અધિક ગૃહ સચિવનો વધારાનો હવાલો સોંપવામાં આવ્યો છે.

**(ચંદ્રવદન પટ્ટણી)**

---------------------------------------------------------------------------

## એસ.બી.આઈ-બોન્ડ

સર્વોચ્ચ અદાલતે ઇલેક્ટોરલ બોન્ડના ખરીદદાર અને તેને મેળવનાર વ્યક્તિની માહિતી આપતાં આગવા બોન્ડ નંબર સાથેની સંપૂર્ણ વિગતો અદાલતમાં આગામી 21મી માર્ચ સુધીમાં સાંજના પાંચ વાગ્યા સુધીમાં રજૂ કરવા સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાને આદેશ આપ્યો છે.

મુખ્ય ન્યાયમૂર્તિ ડી.વાય.ચંદ્રચુડના વડપણ હેઠ ળની પાંચ ન્યાયાધીશોની બંધારણીય બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે સ્ટેટ બેન્કે બોન્ડની તમામ વિગતો જાહેર કરવી પડશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## પી.એમ-પુતીન

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના રાષ્ટ્રપ્રમુખ તરીકે  ફરીથી ચુંટાઇ આવવા બદલ વ્લાદીમીર પુતિનને અભિનંદન પાઠવ્યા છે. રશીયામાં યોજાયેલી ચુંટણીમાં 88 ટકા મત મેળવીને વ્લાદીમીર પુતીન પાંચમી વખત રાષ્ટ્રપતિ બન્યા છે

સોશિયલ મીડીયા ઉપર પ્રધાનમંત્રીએ  પુતિનના વડપણ હેઠળ રશિયા અને ભારત વચ્ચેનો સહકાર વધુ સુદ્રઢ બનશે અને વર્ષોથી ચાલી આવતી બંને દેશો વચ્ચેની વ્યૂહાત્મક ભાગીદારી યથાવત રહેશે, તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજનાથસિંહ-યુ.એસ-સેક્રેટરી

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે અમેરિકાના સંરક્ષણ મંત્રી લોઇડ ઓસ્ટીન સાથે ટેલીફોન પર દ્વિપક્ષીય મંત્રણા કરી છે. બંને અગ્રણીઓએ દ્વિપક્ષીય ઉપરાંત પ્રાદેશિક સલામતી અને સલામતી ક્ષેત્રમાં સહકાર વધારવા અંગે પણ ચર્ચા કરી છે.

અમેરિકાના વિદેશમંત્રીએ હિન્દ મહાસાગર વિસ્તારમાં ભારતીય નૌકાદળના જવાનોએ ચાંચીયાઓ સામે કરેલી સફળ કાર્યવાહીની પ્રશંસા કરી હતી.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## કચ્છ-બન્ની આગ

કચ્છના ભુજ તાલુકાના બન્ની વિસ્તારમાં આવેલ બર્કલ ગામ નજીક ઘાસિયા મેદાનમાં બે દિવસ પહેલા લાગેલી આગથી 6 કિલોમીટર વિસ્તારનું કિમતી ઘાસ સળગીને નાસ પામ્યુ હતું. ઉપરાંત મોટી સંખ્યામાં જંગલી જીવ જંતુઓ અને

અસંખ્ય પક્ષીઓને પણ નુકશાન થયુ હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ભુજથી ફાયરબ્રીગની ટીમો અને સ્થાનીક ટેંકરો દ્વારા આગ પર કાબુ કરવા માટે પ્રયત્નશીલ બન્યા હતા.

**(અશરફ નથવાણી)**

---

## જાહેરનામું-લાઉડ સ્પીકર

લોકસભાની સામાન્ય ચૂંટણીને લઇને જીલ્લા કલેક્ટર અમિત અરોરા દ્વારા લાઉડ સ્પીકર જાહેરનામું બહાર  પાડવામાં આવ્યુ છે. જેમાં ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-33 (1) મુજબ રાજકીય પક્ષો, ઉમેદવારો, રાજકીય કાર્યકરો, સમર્થકોને નિયત મંચ સિવાય લાઉડ સ્પીકરનો ઉપયોગ ન કરવા, લાઉડ સ્પીકરનો ઉપયોગ કરતાં પહેલાં સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવા જણાવ્યું છે.

**(NP/ચૈતાલી જોશી)**

---

## હવામાન

જિલ્લા મથક ભુજ અધિકત્તમ ઉષ્ણતામાન 38.7 રહેતાં રાજ્યભરમાં બીજા ક્રમનું ગરમ શહેર બન્યું હતું.ફાગણ માસને સપ્તાહ વીત્યું છે તેવામાં જ આકરો ઉનાળાના એંધાણ આપતી ગરમી અનુભવાઇ રહી છે. કચ્છમાં મહત્તમ તાપમાનનો પારો સામાન્ય કરતાં બેથી ચાર ડિગ્રી ઊંચો રહેવાની સાથે ગરમી વધી હતી. ગાંધીધામ અને અંજાર સહિતના વિસ્તારોમાં ગરમીએ જોર પકડ્યું હતું. કંડલા બંદરે 37 ડિગ્રી સાથે દિવસ ગરમ બન્યો હતો.

**(NP/ચૈતાલી જોશી)**

---

## હોકી-ઓસ્ટ્રેલીયા-ટુ ર

ઓસ્ટ્રેલિયાના પર્થ ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનારી પાંચ હોકી મેચોની શ્રેણી માટેની 27 સભ્યોની ભારતીય પુરૂષ ટીમના ખેલાડીઓની જાહેરાત કરવામાં આવી છે.

આગામી 6ઠ્ઠી એપ્રિલથી શરૂ થતી હોકી મેચોની શ્રેણી માટે હરમનપ્રિત સિંહ ટીમના સુકાની રહેશે, જ્યારે હાર્દિક સિંહ ઉપસુકાની રહેશે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## WPL-2024

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ગઈકાલે ફાઇનલ મેચમાં દિલ્હી કેપિટલ્સને આઠ વિકેટે હરાવીને વુમન્સ પ્રીમિયર લીગ-2024માં પહેલી વખત વિજેતા બની હતી. દિલ્હી કેપિટલ્સે 113 રન બનાવ્યા બાદ બેંગ્લોરે 19.3 ઓવરમાં બે વિકેટ ગુમાવીને લક્ષ્ય પાર કરી લીધું હતું. વીમેંસ પ્રીમિયર લીગની ફાઇનલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વિરૂધ્ધ દિલ્હી કેપિટલ્સ ટીમ 18.3 ઓવરમાં 113 રનમાં પેવેલિયન ભેગી થઇ હતી.

**(NP/ચૈતાલી જોશી)**

---------------------------------------------------------------------------

## અંજાર ઈશાક ચંદ્ર

ઐતિહાસિક અંજાર શહેરમાં વર્ષો જૂની પરંપરા મુજબ ઇશાકચંદ્રના લગ્નોત્સવની ઉજવણીની તૈયારીઓ આરંભી દેવાઇ છે. જેના ભાગરૂપે વિધિવત રીતે માણેકસ્તંભનું રોપણ કરાયુ હતું. આ નિમિત્તે નગરમાં આસોપાલવના તોરણ, શાકભાજીના તોરણ બાંધવામાં આવે છે. શહેરની વર્ષો જૂની આ પરંપરા મુજબ 24મી માર્ચ હોળી તથા ધૂળેટી નિમિત્તે સાંજે ભાડ ચોકથી આ દોરનો પ્રારંભ

થશે. ગંગાનાકા, લોહાર ચોક, મચ્છીપીઠ, મોહનરાયજી ચોક, શિવાજી રોડ પર માણેકસ્તંભ પાસે લગ્નની વિધિ યોજાશે.

**(પરેશ મારૂ)**

---